સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

ગયા અપેક્ષા સાથે હવે ઘરે, કાગડા ઉડે છે!
ધંધા-પાણી સુખ-સમૃદ્ધિ પર, કાગડા ઉડે છે!
ઉઠી ગયો વિશ્વાસ, બેન્ક ધાબે - કાગડા ઉડે છે!
રોડ શો નો છે પ્રભાવ, સભામાં કાગડા ઉડે છે.

ખાત મૂરત -
અને પાયા વિધિની -
નાખી દો વાસ!

દેશના વડા !
મત વિસ્તારની જ
કરે છે ચિંતા ?!

ચિંતન

અન્યાય તુ જૈમિનિ: પ્રશ્નવ્યાખ્યાનાભ્યામપિ ઐવમેકે ।

ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

આચાર્ય જૈમિનિ તો જણાવે છે કે જીવાત્મા તથા મુખ્ય પ્રાણનું વર્ણન બીજા જ પ્રયોજનથી કરાયેલું છે. પ્રશ્ન અને ઉત્તરથી એ જ સિદ્ધ થાય છે તેથી કાણ્વ શાખા વાળા એવું કહે છે.

આચાર્ય જૈમિનિના અભિપ્રાય પ્રમાણે જીવાત્મા તથા મુખ્ય પ્રાણનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે વર્ણન એમને જગતના કારણ બનાવવા માટે નથી આવ્યું. એ વર્ણનથી પાછળનું પ્રયોજન તો જુદું જ છે. એમને પરમાત્મામાં વિલીન બનનારા કહી બતાવીને પરમાત્માને જ જગતના એક માત્ર કારણ કહેવામાં આવ્યા છે.

જીવાત્મા સુષુપ્તિ દશામાં પરમાત્મા લય પામે છે. એ દૃષ્ટાંત દ્વારા પરમાત્મા સૌના મૂળ કારણ છે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. આ ઉપરાંત કાણ્વ શાખાવાળાએ એ વિષયને સ્પષ્ટ કરતા અજાણશત્રુએ જણાવ્યું છે કે, 'આ વિજ્ઞાનમય પુરુષ અથવા જીવાત્મા સુષુપ્તિદશામાં સ્થિત હતો ત્યારે બુદ્ધિ સાથે સઘળા પ્રાણોને અથવા મુખ્ય પ્રાણને ઈન્દ્રિયોની વૃત્તિને લઈને હૃદયના અંદરના આકાશમાં સૂઈ રહેલો. એ વખતે એનું નામ સ્વપતિ કહેવાય છે.'

સુવિચાર

- એક નાનામાં નાનો માણસ 'સાચો માણસ' પુરવા થઈ શકે છે, તેના પુરાવા તેણે ઊભા પણ કરવા નથી પડતા - **ભૂપત વડોરિયા**
- જીવનમાં કોઈ માણસને તમે રડાવો તો તમારા 'હવન' કરવાથી પણ કોઈ ફાયદો નથી, અને રોજ એક વ્યક્તિને તમે જો હસાવી શકો તો 'અગરબત્તી' પણ કરવાની જરૂર નથી - **મુંબઈ સમાચાર**
- જે માણસો પોતાની જાતની જ દયા ખાવાને બદલે પોતાની કરુણાનું ઝરણું બીજા મનુષ્યો તરફ વાળે છે તેમની સ્વસ્થતા એકંદરે વધે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસને કીર્તિ મળે કે ના મળે, તેણે એવું કામ શોધવું જ રહ્યું, જે તેને જિંદગીની બાહ્ય જટિલતાઓ અને ઉદ્વેગમાંથી મુક્ત કરી દે - **જનકલ્યાણ**
- કામયાબી કા જુનૂન હોના ચાહિયે...! ફિર મુશ્કેલોં કી કયા ઔકાત હૈ - **મેઘા શુક્લ**
- સુખ હોય કે દુ:ખ, એનાથી માણસ તરીકેના માણસના દૈવતમાં કંઈક વધારો થાય તો તે બંને શ્રેયકારક છે - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : મેથીના દાણાને નારિયેળના દૂધમાં પલાળી પેસ્ટ બનાવી વાળના મૂળમાં લેપ કરવાથી ખોડો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક પ્રજાવત્સલ રાજા હતો. પ્રજા પણ રાજાને ખૂબ ચાહતી હતી. તથા ખૂબ માન આપતી હતી. રાજાએ મહેલના પ્રાંગણમાં એક નવો બગીચો બનાવડાવ્યો. જેમાં સત્ય, ન્યાય, પ્રેમ, ઈમાનદારી, ભક્તિ, જ્ઞાન, અનુકંપાના છોડ વાળ્યા. રાજા ખુદ દર અઠવાડિયે આ છોડની સંભાળ લેતો. ધીરે ધીરે આ તમામ છોડને ફુલો આવ્યા અને ચારે તરફ તેની સુગંધ ફેલાઈ રહી છે. એવામાં આ બધા છોડની વચ્ચે એક નાનો છોડ ઊગી રહ્યો હતો. રાજાએ જોયું કે એ જ અઠવાડિયામાં એ છોડ ખૂબ મોટો થઈ ગયો હતો. તેના ફુલ તો દેખાવમાં સુંદર હતા પણ તેની દુર્ગંધ અસહ્ય હતી. આખા બગીચામાં બીજા ફૂલોની સુગંધની સામે આ ફુલની દુર્ગંધ ફેલાઈ હતી. રાજાએ પોતાના ગુરુને આ છોડ વિશે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું, 'રાજન, આ અહંકારનો છોડ છે, જે એની જાતે જ ઊગી નીકલે છે. અને તે ઝડપથી વૃદ્ધિ પામે છે. તેના ફુલ સુંદર અને નીકળે છે અને તે ઝડપથી વૃદ્ધિ પામે છે. તેના ફુલ સુંદર અને આકર્ષક હોય છે, પરંતુ તેની દુર્ગંધ એટલી હોય છે કે બીજા ફુલોની સુગંધ પર દબાઈ જાય છે. જે એનાથી બચીને નથી રહેતા તેની દશા એવી જ થાય છે. જેની તમારા બગીચાની થઈ છે.' પ્રગતિ અને લોકપ્રિયતા મેળવીને જો તમારા મનમાં અહંકાર પ્રવેશી જાય તો તમારામાં રહેલા સત્ય ન્યાય, પ્રેમ અને પ્રામાણિકતા જેવા સદ્‌ગુણો ધીમે ધીમે સમાપ્ત થઈ જાય છે. એના લીધા લોકમાનસમાં સંલગ્ન વ્યક્તિની છબી ખરાબ થઈ જાય છે. તેના સ્વજન પણ તેનાથી દૂર થઈ જાય છે. કારણ કે અહંકારના ચશ્માને 'સ્વ'થી આગળ કંઈ જ દેખાતું નથી.

આધારને નિરાધાર નહીં ગણતો શકવર્તી ચુકાદો

તંત્રીસ્થાનેથી...

પાંચ ન્યાયાધીશોની સુપ્રીમ કોર્ટની ખંડપીઠે ચાર વિરુદ્ધ એક મતથી સરકારના આધાર કાર્ડ વિષયક કાનૂનને મહદંશે માન્ય કરી બંધારણીયતાનું પ્રમાણપત્ર આપી દીધું છે. મૂળે પાછળથી કોંગ્રેસના નિશાન પર લોકસભાની ચૂંટણી લડેલા અને હારેલા પ્રખર તજજ્ઞ નંદન નીલેકણીની ફળદ્રુપ કલ્પના સમુ આ 'આધાર' છેલ્લા ઘણા સમયથી એક યા બીજા મુદ્દે વિવાદાસ્પદ બની રહ્યું હતું. નાગરિકની આઈડેન્ટિટીનું સમ્યક્ અને સંપૂર્ણ ઓળખપત્ર બનાવવાની ખેવનામાં મનમોહનસિંહના નેતૃત્વવાળી યુપીએ સરકારે સન ૨૦૦૯માં 'યુઆઈડીએઆઈ' પ્રતિષ્ઠાન સ્થાયી એના અધ્યક્ષ તરીકે નંદન નીલેકનીની નિમણૂંક કરી હતી. એ પછીના ઘટનાક્રમમાં ૨૦૧૧ ના વર્ષમાં દસ કરોડ લોકોએ આધાર કાર્ય અપાયું હતું. ૨૦૧૨ માં જસ્ટિસ પુટ્ટાસ્વામીએ સુપ્રીમ કોર્ટમાં આધારને પડકાર્યું હતું. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે સરકારને આધારવિહોણા લોકો સાથે પક્ષપાત નહીં કરવા નિર્દેશ આપ્યો ત્યારથી આ મુદ્દે અવઢવ ચાલ્યા કરતી હતી. એમાં જયારે આધારની માહિતી નાગરિકની પ્રાઈવસીની સામે પડકારરૂપ બનતી હોવાનો મુદ્દો ઉમેરાયો ત્યારે તો જબરો ઊહાપોહ જ મચી ગયો હતો. સરકારના આ મુદ્દે વ્યક્તિનો ડેટા સુરક્ષિત હોવાનો દાવાને હેકર્સે પડકાર્યો ત્યારે તેની દાણોદાણ રેવડી થઈ જવા પામી હતી. આધાર દ્વારા વ્યક્તિના પ્રાઈવસીના મૂળભૂત અધિકારનું જ હનન થતું હોય તો એ કેટલી ખતરનાક ચીજ બની શકે અને લોકશાહીના મૂળભૂત પર જ કેટલી નકારાત્મક અસર ઊભી કરી શકે તે બાબત ગંભીર વિચારણા માગી લે છે. આથી પાંચ જજોની બેન્ચ પૈકીના એક જસ્ટિસ ચંદ્રચૂડે તો આધારની વિરુદ્ધ ચુકાદો આપતાં ગંભીર નિરીક્ષણો કર્યા છે. એમને કહ્યું છે કે સરકારી સેવાઓમાં આધાર ફરજિયાત બને તો જીવવું મુશ્કેલ બની જશે. અલબત્ત એમને 'મની બિલ' તરીકે આધાર એક્ટને સદંતર ગેરબંધારણીય ગણાવ્યું હોવા છતાં બેંચના અન્ય ચાર ન્યાયમૂર્તિઓએ આધારને થોડું લૂલું લંગડું બનાવવાનાં સૂચનો સહિત બંધારણીય ગણાવ્યું છે. આ ચાર જજોએ બેન્ક ખાતાં, મોબાઈલ નંબર તેમજ શાળા-કૉલેજ પ્રવેશ કે એ માટેની સરકાર દ્વારા લેવાતી પરીક્ષાઓમાં એની જરૂર નહીં હોવાનું જણાવ્યું છે. આધાર કાર્ડ વગર ગરીબોને સરકારી કલ્યાણ યોજનાઓનો લાભ ન જ મળી શકે એવા સરકારના આગ્રહને એમણે ગેરવાજબી ઠેરવ્યો છે. જો કે આમ છતાં ઈનકમ ટેક્સ રિટર્ન અને પાન કાર્ડ માટે આધારને ફરજિયાત ગણાવતાં બેન્કો સાથેના વ્યવહારમાં આપોઆપ આધાર લિંક આવી જ જાય છે. બેન્કોમાં પાન કાર્ડ વગર ખાતું ખોલાવી શકાયું જ ન હોય ત્યારે આધારનું પાન સાથેનું લિન્કેજ આપોઆપ બેન્ક માટે ઉપલબ્ધ રહેવાનું છે. આ જજોએ ડેટાની પ્રાઈવસી સચવાય તે માટેનો કાનૂન ઘડવાનું સૂચન કર્યું છે. પરંતુ હવે જયારે બધું અત્યાર લગી ચોળાઈ અને ચૂંથાઈ ચૂક્યું છે ત્યારે 'આધાર'ના આધારે નાગરિકોનો ડેટા તો કયારનોય સરકારના ગજવામાં સરી ચૂક્યો છે. એની જાસૂસી કરાવવી એ સરકાર માટે ડાબા હાથનો ખેલ છે. વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી પર આ ભયાનક ખતરો ઝળૂંબી રહ્યો છે ત્યારે અદાલતો મોડે ઘોડા ભાગી છૂટ્યા પછી તબેલાને તાળાં મારવાની સુફિયાણી સલાહો આપે તે શા કામની? વળી અદાલતના આ ચુકાદાને સરકાર અને વિપક્ષ બેઉ પોતાની રીતની જીત બતાવી પ્રજાની હાંસી જ ઉડાવી રહ્યા છે. આ દેશની પ્રજા ખરેખર 'રામ ભરોસે' જીવતી હોય એમ નથી લાગતું? એને સરકાર, આધાર કે વિપક્ષ કરતાં ઉપરવાળાનો જ આધાર છે, એટલે સ્તો કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હસમારી....

ભણેલા કહીને શીખવે, અભણ કરીને શીખવે

રંગ-ઉમંગ
કાનન ઓઝા

અમણાં થોડા દિવસ પહેલા કૉલેજ તરફથી તાલીમાર્થીઓના પાઠ જોવા જવાનું થયું, અને પસંદ કરેલી માધ્યમિક શાળા અમદાવાદ કોર્પોરેશન સંચાલિત હતી. જેમાં અભ્યાસ કરવા આવતાં લગભગ બધાં જ બાળકો ગરીબ વર્ગમાંથી આવતાં હતા. તેમની સાથે ગાળેલ એક અઠવાડિયું હૃદયને આનંદ આવનારું બની રહ્યું. શાળામાં અભ્યાસ કરતાં બાળકો ભલે આર્થિક રીતે ગરીબ હતા. પણ દિલના ખૂબ જ શ્રીમંત હતા. સામાન્ય એવું માનવામાં આવે છે કે અભ્યાસમાં અને પૈસે ટકે નબળા બાળકોમાં શિસ્ત જોવા મળતી નથી, પણ આ શાળા માટે એ ધારણા સાવ ખોટી સાબિત થઈ. જેનો આજે પણ અનહદ આનંદ છે. પૂરા શિસ્તબદ્ધ હતા એ બાળકો, નમ્રતા ભારોભાર ભરેલી હતી, ખોટા આડંબરો અને જુઠ્ઠાપણાથી જોજના દૂર લાગ્યા. પ્રેમથી ભરપૂર અને શિક્ષકને ભગવાનનો અવતાર માનતા આ બાળકોને ખરેખર સલામ મારવાની ઈચ્છા હતી.

બાળક સાથે કામ કરતાં લાગ્યું કે બાળકોમાં આ શિસ્ત, સદ્‌ગુણો, પ્રેમ કોણે પૂર્યા હશે. માની લઈ કે શિક્ષક એ વધારે પડતી કાળજી રાખી હશે. જો આ માન્યતા સ્વીકારી એ તો શિક્ષકો તો બધી જ શાળામાં જોઈ જ છે. તો બધી જ શાળામાં આવી શિસ્ત, આવો પ્રેમ, આવા સદ્‌ગુણ, આટલું મોટું દિલ કોના કારણે? મનોવિજ્ઞાન કહે છે કે બાળકના ઘડતરમાં વાતાવરણ અગત્યનો ભાગ ભજવે છે. તો આ બાળકોને કેવું વાતાવરણ મળ્યું હશે? સ્વાભાવિક છે કે ગરીબ અને મજૂર વર્ગમાંથી આવતા હશે. આ બાળકો ચાલી કે ઝૂંપડામાંથી કે કાચા-પાકાં અન્ય કોઈ જ સગવડો વગર ઘરમાં રહે છે. વીજળીનાં પ્રકાશમાં નિયમિત પણે વાંચવાનું સદ્‌ભાગ્ય તેમનું નથી, કે નથી સ્વચ્છ સાફ સુથરા વાતાવરણમાં રહેવાનું અને સૂવાનું, આમ છતાં આપવાને સલામ મારવાની ઈચ્છા થાય તેવા આ બાળકો હતા તો સાચાં અને પ્રેમાળ તો સંસ્કાર પ્રશ્ન બે-ત્રણ દિવસથી મૂંઝવતો હતો. અને લગભગ પાંચમા દિવસે તેનો જવાબ જોવા મળ્યો. શાળાની સામે ભેંસ શિયાળાની અતિ ઠંડીને કારણે ઠૂંટવાઈને રસ્તા પર પડી હતી. સખત ઠંડીને કારણે ઠૂંઠવાઈને રસ્તા પર પડી હતી. સખત ઠંડીને કારણે તેનું શરીર થીજી ગયું હતું. તેને હલનચલન ગુમાવી દીધેલ. એ જ પરિસ્થિતિમાં લાંબો સમય રહે તો ચોક્કસ પમ ભેંસ મૃત્યુ પામે. આવી હાલતમાં પડેલી ભેંસને જોઈને સ્કૂટર, બાઈક કે કાર ચાલક જોઈ આગળ વધી જતા હતા. પણ ભેંસનું સદ્‌ભાગ્ય કે તેની આસપાસ ઊભેલા માણસો અભણ, ગરીબ અને મજૂર વર્ગના હતા. આ અભણ, ગરીબ અને મજુર વર્ગના માણસો અભણ, ગરીબ અને મજુર વર્ગના હતા. આ ભણ અને ગરીબ વર્ગના માણસોએ એ ભેંસના શીર પર કતાનના કોથળાં ઓઢાડેલા અને તેની આસપાસ તાપણી કરી હતી. તાપણી લાંબા સમય ચાલુ રહે અને ઠંડા માણસો બેસી ગયા અને પોતાની પાસે રહેલા કપડાં પ્રસરાવી ને પવનને રોકવાનો પ્રયત્ન કર્યો. વળી બે ત્રણ માણસો તાપણી સતત સળગતી રહે તે માટે કચરો એકઠો કરી તાપણી ચાલુ રાખી. આ પ્રયત્નો જોઈને માલિકને એવું લાગ્યું કે તેઓ ભેંસને જીવાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એકાદ કલાક પછી ભેંસ ઊભી થવાનો પ્રયત્ન કરવા લાગી ધીમે-ધીમે તે ચાલવા લાગી. આ ઘટના અમે જે શાળામાં પાઠ આપવા ગયાં હતા. તેની બરાબર સામે જ બની હતી. લગભગ બધાં જ બાળખો એ આ ઘટના જોઈ હશે. ત્યારે જ મનમાં વિચાર આવ્યો કે 'ભણેલા કહીને અભણ કરીને શીખવે.'

'ધ પ્રિન્સ' પુસ્તકના લેખક મેક્યાવલી કયા દેશના વતની હતા?

વિશ્વનો ઇતિહાસ

૧ કયા દેશના મૂળ નિવાસિયો 'રેડઈન્ડિયન'ના નામે ઓળખાતા હતા?
(અ) બ્રિટનના (બ) ઓસ્ટ્રેલિયા
(ક) અમેરિકાના (ડ) આફ્રિકાના

૨ સુપ્રસિદ્ધ ચિત્ર 'મેડોના'ના સર્જક કોણ હતા ?
(અ) મેક્યાવલી (બ) લિયો નાર્દોદ- વિંસી
(ક) માઈકલ એન્ઝલો (ડ) ઈટલીનો રાફેલ

૩ અબ્રાહ્મ લિંકને ગુલામી પ્રથા કયારે નાબુદ કરી ?
(અ) ૧ જાન્યુઆરી, ૧૮૬૩ (બ) ૧ જાન્યુઆરી, ૧૭૮૯
(ક) ૧૫ ઓગસ્ટ, ૧૭૬૯ (ડ) ૧૮ જૂન ૧૮૧૫

૪ 'ધ પ્રિન્સ' પુસ્તકના લેખક મેક્યાવલી કયા દેશના વતની હતા?
(અ) ફ્રાન્સ (બ) જર્મની
(ક) ઈટલી (ડ) પોર્ટુગલ

૫ કોન્સ્ટેટીનોપલનું પતન કયારે થયું ?
(અ) ઈ.સ. ૧૪૦૦ (બ) ઈ.સ. ૧૪૨૦
(ક) ઈ.સ. ૧૪૪૦ (ડ) ઈ.સ. ૧૪૫૩

૬ નેપોલિયન ફ્રાન્સનો સમ્રાટ કયારે બન્યો?
(અ) ઈ.સ. ૧૮૦૦ (બ) ઈ.સ. ૧૮૦૪
(ક) ઈ.સ. ૧૮૧૦ (ડ) ઈ.સ. ૧૮૧૫

૭ કયા દેશ પર આક્રમણ નેપોલિયનના પતનનું કારણ બન્યું હતું ?
(અ) અમેરિકા (બ) ચીન
(ક) રશિયા (ડ) મેક્સિકો

૮ રશિયામાં ઝાર રાજાશાહીનો અંત કયારે આવ્યો ?
(અ) ઈ.સ. ૧૯૧૭ (બ) ઈ.સ. ૧૯૨૦
(ક) ઈ.સ. ૧૯૨૫ (ડ) ઈ.સ. ૧૯૩૦

૯ ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિની શરુઆત કયા ઉદ્યોગની થઈ હતી ?
(અ) સ્ટીલ ઉદ્યોગ (બ) કાપડ ઉદ્યોગ
(ક) કૃષિ ઉદ્યોગ (ડ) ઈલેકટ્રોનિક ઉદ્યોગ

૧૦ ઈ.સ. ૧૬૪૨માં ઈંગ્લેન્ડમાં શરૂ થયેલું ગૃહયુદ્ધ કેટલા વર્ષ આવ્યું હતું ?
(અ) ત્રણ વર્ષ (બ) પાંચ વર્ષ
(ક) સાત વર્ષ (ડ) નવ વર્ષ

૧૧ પ્રથમ વિશ્વયુદ્ધનો અંત કયારે આવ્યો?
(અ) ૧૧ નવેમ્બર ૧૯૧૮ (બ) ૧૧ નવેમ્બર ૧૯૧૯
(ક) ૨૮ જૂન ૧૯૧૮ (ડ) ૨૮ જૂન ૧૯૨૯

૧૨ સિંધના રાજા પોરસે કોની વિજયકૂચને પડકારી હતી ?
(અ) નેપોલનિયનની (બ) સિકંદરની
(ક) મહંમદ ગઝનીની (ડ) હૂણોની

૧૩ મધ્યકાલીન યુરોપનું પ્રવેશ દ્વારા તરીકે કયું સ્થળ ઓળખાતું હતું ?
(અ) રોમ (બ) પીઝા
(ક) કોન્સ્ટેન્ટિપોલ (ડ) બ્રસેલ

૧૪ ડિવાઈન કોમેડી મહાકાવ્યના કવિ કોણ છે ?
(અ) દાન્તે (બ) વર્જિલ
(ક) જોન મિલ્ટન (ડ) માર્ટિન લ્યૂથર

૧૫ સૌ પ્રથમ અમેરિકામાં વિશ્વવ્યાપી મંદી કયારેક શરૂ થઈ હતી ?
(અ) ૧૯૧૦ (બ) ૧૯૨૦
(ક) ૧૯૩૦ (ડ) ૧૯૩૫

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૨૮ સપ્ટેમ્બર : વિશ્વ હૃદય દિવસ**
- હડકવાની રસી શોધનાર ડૉ. લૂઈ પાશ્ચરનું અવસાન (૧૮૬૫)
- કવિ નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉસનસ'નો જન્મ દિવસ (૧૯૨૦)
- સ્વર સામ્રાજ્ઞી લત્તા મંગેશકરનો જન્મ દિવસ (૧૯૨૯)
- ઈન્સેન્ટ-૩-ઈ સફળ પ્રક્ષેપણ (૨૦૦૩)
- **૨૯ સપ્ટેમ્બર :** ઈન્ટરનેશનલ કૉફી ડે
- સુપ્રિસદ્ધ ફ્રેન્ચ સાહિત્યકાર એમિલ ઝોલાનું અવસાન (૧૯૦૨)
- સાહિત્યકાર ફ્રેન્ચ સાહિતયકાર જાણકાર દુર્ગાશંકર કેળવણીરામ શાસ્ત્રીનું નિધન (૧૯૫૨)
- ગુજરાતી અભિનેત્રી ઈશા શરવાણીનો જન્મ દિવસ (૧૯૮૪)
- **૩૦ સપ્ટેમ્બર : ઈન્ટરનેશનલ ટ્રાસલેશન ડે**
- ગુજરાતમાં પાયારૂપ ઈમારતોના સર્જક અને નિષ્ઠાવાન ઈજનેર હિંમતલાલ ધીરજરામનું નિધન (૧૯૨૨)
- જાણીતા સાહિત્યકાર ચિનુમોદીની જન્મજયંતિ (૧૯૩૯)
- પ્રખર ધારાશાસ્ત્રી, નીડર વિવેચક એમ.સી. ચાંગલાની જન્મજંયતિ (૧૯૦૦)
- જાણીતા સાહિત્યકાર અમૃત 'ઘાયલ' ની જન્મજયંતિ (૧૯૧૫)
- **૧ ઓક્ટોબર : આંતરરાષ્ટ્રીય પ્રૌઢ દિવસ / સ્વૈચ્છિક રક્તદાન દિવસ / સિનિયર સિટીઝન દિવસ**
- સાહિત્યકાર મણિલાલ ત્રિવેદીનું નિધન (૧૮૯૮)
- ૧૯૫૩માં આંધ્રપ્રદેશ ભારતનું એક નવું રાજય બન્યું
- અમેરિકન અવકાશ સંશોધન કરી સંસ્થા 'નાશા'નો સ્થાપના દિવસ (૧૯૫૮)
- મેટ્રીક તોલમાન સત્તાવાર રીતે દેશમાં લાગુ કરવામાં આવ્યા (૧૯૬૦)
- સચિવદેવ બર્મનની જન્મજયંતિ (૧૯૦૩)
- **૨ જી ઓક્ટોબર : વિશ્વ અહિંસા દિવસ (ગાંધી જયંતિ)**
- મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ (૧૮૬૯)
- લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મદિવસ (૧૯૦૪)
- મિસ યુનિવવર્સ બનનાર પહેલી ભારતીય પર્સિસ ખંફાતાનો જન્મદિવસ (૧૯૪૮)
- **૩જી ઓક્ટોબર : વિશ્વ પશુ દિવસ**
- ગાંધી યુગની સત્ત્વશીલ નારી નર્મદાહબેન પાઠકનું નિધન (૧૯૮૪)
- જાણઈતા સાહિત્યકાર મનસુખલાલ ઝવેરીનો જન્મદિવસ (૧૯૦૭)
- બ્રિટને પરમાણુ પરીક્ષણ પ્રથમવાર કર્યું (૧૯૫૨)
- ડિરેકટર પ્રોડ્યુસર જે.પી. દત્તાનો જન્મ દિવસ (૧૯૪૯)
- **૪ ઓક્ટોબર**
- દેશ ભક્ત અને વિદેશની ધરતી પરથી સ્વતંત્રતાની લડાઈ લડનાર શ્યામજી કૃષ્ણવર્માનો જન્મદિવસ (૧૮૫૭)
- વાલજી ગો. દેસાઈની જન્મજયંતિ (૧૮૮૨)
- જાણીતા સાહિત્યકાર ભૂપત વડોદરિયાની પુણ્યતિથિ (૨૦૧૧)
- વિશ્વ વન્યજીવ દિવસ (વર્લ્ડ એનીમલ ડે)

ગત સપ્તાહના સવાલનો જવાબ

ગુજરાતની પનોતી પુત્રી અને નાસાની અવકાશયાત્રી સુનિતા વિલિયમનો જન્મ દિવસ કયો છે ?

જવાબ : ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) મહેશ એમ. જાદવ : રાયસણ (૬) શિવાંગી બી. પટેલ : રાયસણ (૭) મીત પટેલ : સે-૨૩

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ભારતે ફ્રાન્સ સાથે કયા યુદ્ધ વિમાનો માટે કરેલ સોદાનો વિવાદ ચરમસીમાએ છે? ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

હરિ અનન્ત હરિકથા અનન્તા

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

'વિષ્ણુસહસ્રનામ'માં ભગવાનના હજાર નામો આપ્યા છે. આમાં ૮૮૬માં ક્રમે 'અનન્ત' છે. વિષ્ણુને આદિ નથી, તેથી અન્ત નથી. એના ગુણો અનન્ત છે.

ચાર્તુમાસ દરમિયાન એ શેષનાગ પર શયન કરે છે. એનું નામ પણ અનન્ત છે. આથી આ સમય દરમિયાન ભગવાન અનન્ય શયન છે.

આ સમયમાં ભાદરવા સુદ ચૌદશ આવે છે. આ તિથિ અનન્ત ચતુર્દશી કહેવાય છે. આ દિવસો શેષશાયી નારાયણના પૂજનનો મહિના છે.

આ તિથિ સાથે વ્રત સંકળાયેલું છે. 'અનંત ચૌદસ વ્રત.' પાંડવો વનવાસમાં ભટકી રહ્યા હતા. દુ:ખનો કોઈ અંત દેખાતો ન હતો. ત્યારે યુધિષ્ઠિરે એકવાર અકળાઈ ને શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો - 'રાજયપ્રાપ્તિની વતા તો પછી, આ દુ:ખોના અંતનો ઉપાય શો છે ?' શ્રીકૃષ્ણે એમને સૌને અનન્ત ચૌદશનું વ્રત કરવા જણાવ્યું, 'વનવાસનો અંત અને રાજય પ્રાપ્તિ બંને સુલભ થશે.'

આ વ્રત ભાદરવા સુદ ચૌદશે કરવાનું હોય છે. ચૌદ વર્ષ કરવાનું અપેક્ષિત છે. પુરુષે જમણે હાથે અને સ્ત્રીએ ડાબે હાથે સૂતરનું રક્ષાસૂત્ર બાંધવાનું છે. તેમાં ચૌદ ગાંઠ મારવાની છે. વિષ્ણુ ચૌદ ભુવનનું પાલન કરે છે. આ ભુવનસ્વામી રક્ષણ અને પાલન કરશે, એવો સંકેત છે. તે દિવસે અલૂણો આહાર લેવાનો છે. વ્રતને આરોગ્ય સથે સાંકળવાની ભારતીય પરંપરા છે. આ દિવસોમાં અલૂણ આહાર સ્વાસ્થ્ય માટે ઉપકારક છે.

અનન્ત ચૌદશનું મહત્વ બીજી રીતે પણ છે. ગણેશ ચૌથને દિવસે ગણેશ પ્રતિમાનું સ્વાપન થાય. ત્યાર પછી વિસર્જન થાય એ દિવસ અનંત ચૌદશનો છે.

યમુના નદીને કિનારે ધારીસણા ગામ હતું. મહામુનિ કૌંડિન્ય પત્ની ગુણવતી સાથે રહેતા હતા. ગુણવતી એ આ વ્રત કરવાનો સંકલ્પ કર્યો અને ડાબે હાથે સૂત્રબંધન કર્યું. તરત ઘરમાં સુખ સમૃદ્ધિ આવી ગયા. પરંતુ કૌંડિન્યને અભિમાન આવી ગયું - 'આ સમૃદ્ધિ મારા પરિશ્રમને કારણે છે, અને સૂત્ર બંધન સાથે સંબંધ નથી.' ગુણવતી સમજાવવા ગઈ, તો સૂત્ર ખેંચીને બાળી નાખ્યું. હવે ખરેખર સમૃદ્ધિ ઘસાવા લાગી અને નામશેષ થઈ ગઈ. એમને પસ્તાવો થયો. બંને ગૃહત્યાગ કરીને અનંત નારાયણની કૃપા મેળવવા એમને શોધવા નીકળી પડ્યા.

માર્ગમાં એમને આમ્રવૃક્ષ જોયું. 'વૃક્ષને દુ:ખ હતું. કોઈ પંખી માળો બાંધતું નથી.' બે તળાવડીઓ જોઈ. 'કોઈ પાણી પીવા આવતું નથી.' એક બળદ જોયો - 'ઘાસ ખવાતું નથી.' એક દુ:ખી ગદર્ભ મળ્યો.

અંતે એક વૃદ્ધ બ્રાહ્મણ મળ્યો. એણે કહ્યું, 'અનન્ત ને મળવું છે ને? આ ગુફામાં પ્રવેશો.' ત્યાં દંપત્તિને અનંત નારાયણના દર્શન થયા. ભગવાન એમનાં પર પ્રસન્ન થયા. એમનાં સુખમાં દ્વાર ખૂલી ગયા. ભગવાને જણાવ્યું. આમ્રવૃક્ષનો પૂર્વજન્મ વિદ્વાન બ્રાહ્મણનો હતો. એ વિદ્વાન હતો, પણ કોઈને ભણાવતો નહિ, તેથી આ દશા થઈ છે. બે તળાવડીઓનો પૂર્વજન્મ બ્રાહ્મણ ગૃહિણીનો હતો. એણે કયારેય અતિથિને દાન ન આપ્યું. બળદ પૂર્વજન્મે પાપ જ કર્યા કરતો. ગદર્ભ પૂર્વજન્મે ક્રોધી અને અભિમાની છે.

કૌંડિન્ય - ગુણવતીએ નિષ્ઠાપૂર્વક આ વ્રત કર્યું.

કથાનો ભાવાર્થ સરસ છે. (૧) જે કાંઈ સમૃદ્ધિ મળે છે, તે માત્ર ઈશ્વરકૃપા મળે છે. (૨) પોતાની વિદ્યા વહેંચતા રહો (૩) અતિથિને સાચવો (૪) ક્રોધ, અભિમાન, પાપથી દૂર રહો.